**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૧૦/૨૦૧૬ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

ફેકટરી માલીકોને ફોન કરી ધમકીઓ આપી ખંડણી ઉઘરાવતા મોહંમદ હુસેન ઉર્ફે ટાયસન ને પકડી પાડતી સાયબર સેલ, ક્રાઈમ બ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા,સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા તથા પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી તથા શરીર સબંધી ગુનાઓ શોધવા માટે અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૧૭/૨૦૧૬ ઇપીકો કલમ ૩૮૪, ૫૦૭, ૧૧૪ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી નામે મોહંમદ હુસેન ઉર્ફે ટાયસન રહે. વટવા કેનાલ પાસે, વટવા નાએ શરીરે સલેટીયા કલરનું શર્ટ તથા બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરેલ છે અને જે સદાની ધાબી થી ચાલતો આવી અત્રે થઇ નારોલ સર્કલ તરફ જનાર છે." વિગેરે મતલબની બાતમી હકીકત આધારે આરોપી મોહંમદ હુસેન ઉર્ફે ટાયસન સ/ઓ કમાલભાઇ સૈયદ ઉ.વ. ૨૮ ધંધો. રીક્ષા ડ્રાઇવીંગ રહેવાસીઃ બાગે હસન સોસાયટી, અલીફનગર પાસે, વટવા કેનાલ, વટવા, અમદાવાદ શહેર નાને પકડી અટક કરવામાં આવેલ છે.

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન કબુલાત કરેલ કે, ગઇ તા. ૨૫/૦૯/૨૦૧૬ ના રોજ તેના મિત્ર નાસીર ઉર્ફે ટારજન કુરેશી રહે. બોમ્બે હોટલ, દાણીલીમડા નાઓએ બંન્ને જણા રીવરફ્રન્ટ ખાતે ગયેલ ત્યાં નાસીરે અસ્ફાક મલેક રહે. પાનવાળી ચાલી પાસે, રસુલાબાદ, શાહઆલમ નાની સાથે મુલાકાત કરાવેલ તે સમયે અસ્ફાક મલેક નાને કહેલ કે અગાઉ હુ રાજુભાઇની પાસેથી ધમકી આપી રૂ. ૩૦,૦૦૦/- લઇ આવેલ છુ અને આજે પણ તુ એક ફોન કર અને રાજુભાઇ ને કહે કે, દરીયાપુરથી ટાઇસન ભાઇ બોલુ છુ અને હમણાં જેલમાંથી બહાર આવેલ છુ મારે રૂ. ૫૦,૦૦૦/- જોઇએ છે. જો નહી આપો તો તમારા છોકરાઓને ઉપાડી જઇશ તેવું કહેવાનું જણાવતાં આરોપીએ તેના મો.નં. ૮૯૦૫૯૬૬૯૪૧ પરથી રાજુભાઇના મો.નં. ૯૮૨૫૦૦૭૨૩૭ પર ધમકી આપેલ અને રૂ. ૫૦,૦૦૦/- ની માંગણી કરેલ અને પૈસા નારોલ ચોકડી ખાતે મોકલી આપવા જણાવેલ તે બાદ રાજુભાઇ ડરી જતાં બપોરના સમયે રાજુભાઇના મેનેજર અતુલભાઇ નાઓ નારોલ સર્કલ ખાતે પૈસા લઇ આવેલ હોય જે ત્રણેય આરોપીઓ નારોલ સર્કલ પ્લસર મો.સા. નં. GJ-01-MA-8464 તથા એકટીવા લઇને ગયેલ નારોલ સર્કલ ખાતે અતુલભાઇ પાસેથી રૂ. ૫૦,૦૦૦/- લઇ લીધેલ તે બાદ અમો ત્રણેય જણા દાણીલીમડા ખાતે ગયેલ અને ત્રણેય જણાએ પૈસાના ભાગ પાડી દીધેલ જેમાંથી અસ્ફાકે રૂ. ૨૦,૦૦૦/- લીધેલ તથા મહંમદ હુસેન ઉર્ફે ટાયસન તથા નાસીરને ૧૫-૧૫ હજાર રૂપીયા લઇ લીધેલ. આ ઉપરાંત પણ આ ત્રણેય આરોપીઓએ ભેગા મળી કોની કોની પાસેથી ખંડણી ઉઘરાવેલ છે. જેની આગળની વધુ સઘન તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા નાઓ કરી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-</u>**

આરોપી મહંમદ હુસેન ઉર્ફે ટાયસન ધોરણ-૧૦ સુધી ભણેલ છે અને ભાડાની રીક્ષા ચલાવે છે. આરોપી અગાઉ શહેર કોટ્ડા પોલીસ સ્ટેશન ખાતે ડુપ્લીકેટ પોલીસના ગુનામાં પકડાયેલ છે. આ ઉપરાંત વટવા પોલીસ સ્ટેશન ખાતે પણ આરોપી વિરુધ્ધમાં અલગ અલગ ગુનાઓ દાખલ થયેલ છે.





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)